**મહાનગરમાં સમાવેશને સાત વર્ષના વહાણા વિત્યા છતાં વેમાલીમાં નળ-ગટર-રસ્તા માટે નાગરિકો ત્રાહિમામ !**



## તંત્રની બેદરકારીને કારણે કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી

# કોન્ટ્રાક્ટરે પીવાના પાણીની મુખ્ય લાઈન તોડી નાખી

### હજારો લીટર પાણી ગટરમાં વહી જતાં રહીશોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વર્ષ ૨૦૧૭માં સ્માર્ટ સિટીનો દરજ્જો મેળવનારા વડોદરા શહેરમાં તંત્રના વિકાસના દાવાઓની પોલ ખુલી ગઈ છે. શહેરના છેવાડે આવેલા વેમાલી ગામને મહાનગરપાલિકાની હદમાં ભેળવી દેવાયાને આજે ૭ થી ૮ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, આ વિસ્તાર આજે પણ પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કાગળ પર વેમાલીનો સમાવેશ મહાનગરમાં તો કરી દેવાયો છે, પરંતુ વાસ્તવિકતામાં અહીં 'નગર' જેવું કંઈ જ નથી. 'નગર'નો અર્થ 'ન' એટલે નળ, 'ગ' એટલે ગટર અને 'ર' એટલે રસ્તા થાય છે, પરંતુ વેમાલીમાં આ ત્રણેય પાયાની જરૂરિયાતોનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે. વર્ષો વીતી જવા છતાં વેમાલી ગામ સાથે ઓરમાયું વર્તન રાખીને અન્યાય કરવામાં આવતો હોવાનો આક્રોશ સ્થાનિકોમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યો છે. હાલમાં વેમાલીના રોડ-રસ્તાઓ અત્યંત બિસ્માર અને ખરાબ હાલતમાં ફેરવાઈ ગયા છે. રસ્તાઓ પર પડેલા મોટા-મોટા ખાડાઓને કારણે અહીંથી પસાર થતા વાહનચાલકો, ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો વારંવાર સ્લિપ થઈને જમીન પર પટકાય છે અને નાની-મોટી ઈજાઓનો ભોગ બને છે. અહીં ચોવીસે કલાક અકસ્માતનો ગંભીર ભય તોળાતો રહે છે. બીજી તરફ, ગામમાં ડ્રેનેજ લાઈનની વ્યવસ્થા યોગ્ય ન હોવાના કારણે ગટરનું ગંદુ પાણી વારંઘડીએ ઉભરાઈને મુખ્ય રસ્તાઓ પર આવી જાય છે. આ ગંદા પાણીના કારણે રસ્તાઓ ચીકણા અને કાદવયુક્ત બની ગયા છે, જેનાથી સ્થાનિકોનું જીવવું દુભર બન્યું છે. ડ્રેનેજ લાઈન નવી નાખવા તેમજ રિપેર કરવા માટે સ્થાનિકોએ તંત્ર સમક્ષ અસંખ્ય વખત ફરિયાદો અને વિનંતીઓ કરી હતી, પરંતુ તંત્રની ઘોર બેદરકારીને કારણે કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. હદ તો ત્યારે થઈ જ્યારે તાજેતરમાં ડ્રેનેજ લાઈનમાં પડેલા ભંગાણને રિપેર કરવા માટે કોર્પોરેશન દ્વારા એક કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું હતું. આ બિનઅનુભવી કોન્ટ્રાક્ટરે કામગીરી દરમિયાન ડ્રેનેજ લાઈન રિપેર કરવાને બદલે ત્યાંથી પસાર થતી પીવાના શુદ્ધ પાણીની મુખ્ય લાઈન જ તોડી નાખી હતી. પાણીની પાઈપલાઈન તૂટતાની સાથે જ રસ્તા પર પાણીના ઊંચા-ઊંચા ફુવારા ઉડવા લાગ્યા હતા અને ગામના રહીશોના ઘરો સુધી પહોંચવું જોઈતું હજારો લીટર પીવાનું શુદ્ધ પાણી જોતજોતામાં ગટરમાં વહી ગયું હતું. આટલી મોટી બેદરકારી દાખવ્યા બાદ પણ કોન્ટ્રાક્ટરે લાઈન સરખી કરવાની તસદી લીધી નહોતી અને તૂટેલી લાઈનને એમને એમ જ મૂકીને ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો. આ ઘટનાને પગલે વેમાલી ગામના રહીશોમાં તંત્ર અને બેદરકાર કોન્ટ્રાક્ટર સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

### તંત્રને અમારો અવાજ કેમ સંભળાતો નથી

અમને એમ હતું કે વડોદરા કોર્પોરેશનમાં અમારું ગામ ભળશે એટલે સુખ-શાંતિ થશે, પણ અહીં તો નરક જેવી સ્થિતિ થઇ ગઇ છે. ઘરોમાં પીવાનું પાણી સરખું આવતું નથી અને ડ્રેનેજનું ગંદુ પાણી આખા રસ્તા પર ફેલાયેલું રહે છે. કોન્ટ્રાક્ટરે પીવાના પાણીની લાઇન તોડી નાખીને હજારો લીટર પાણી વેડફી નાખ્યું, હવે અમારે પાણી ક્યાંથી લાવવું? તંત્ર અમારો અવાજ કેમ નથી સાંભળતું?
**ગૌરીબેન પટેલ,** (સ્થાનિક રહીશ)



### સમસ્યાઓનો નિકાલ થતો જ નથી

ગટરના ઉભરાતા પાણીના કારણે આખા ગામમાં રોગચાળો ફેલાવવાનો ડર લાગી રહ્યો છે. રસ્તાઓ એટલા ચીકણા થઇ ગયા છે કે પગપાળા ચાલવું પણ મુશ્કેલ છે. બાળકો અને વડીલો ઘરની બહાર નીકળી શકતા નથી. વડોદરાને સ્માર્ટ સિટી કહેતા શરમ આવવી જોઇએ, કારણ કે અમારા વેમાલી ગામમાં તો સાત વર્ષથી કોઇ સુવિધા જ નથી આપી.
**કવિતાબેન રાણા** (સ્થાનિક અગ્રણી)

### તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાવા જ જોઈએ

મહાનગરમાં સમાવેશ થયાને આટલા વર્ષો થયા પણ અમને માત્ર કાગળ પર જ નગર બનાવ્યા છે. સાચું કહીએ તો 'નગર'નો અર્થ જ ગાયબ છે - નળમાં પાણી નથી, ગટરો ઉભરાય છે અને રસ્તાના નામે માત્ર ખાડા છે. કોન્ટ્રાક્ટર પાણીની લાઇન તોડીને ભાગી ગયો એ વહીવટી તંત્રની નબળી દેખરેખ દર્શાવે છે. આવા કોન્ટ્રાક્ટર સામે કડક પગલાં લેવાવા જોઇએ. **રમણભાઇ સોલંકી** (સ્થાનિક અગ્રણી)

### તો આખું ગામ ભેગા મળીને ઉગ્ર આંદોલન કરશે

રોડ રસ્તાની હાલત એટલી ખરાબ છે કે રોજ કોઇને કોઇ ટૂ-વ્હીલર વાળો ખાડાના લીધે નીચે પટકાય છે. અકસ્માતો રોજની નવાઇ નથી રહ્યા. અમે વારંવાર કોર્પોરેશનમાં લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે, પણ અમારી વાત કાન પર ધરવામાં આવતી નથી. જો આ સમસ્યાઓનો વહેલી તકે નિકાલ નહીં આવે, તો આખું ગામ ભેગા મળીને ઉગ્ર આંદોલન કરશે. **જયેશભાઈ શાહ** (સ્થાનિક રહીશ)

---

**યુવાધનને વ્યસનના દૂષણોથી માહિતગાર કરી લેવડાવ્યા નશામુક્ત ભારતના શપથ**

# BAPS છાત્રાલયનું અભિયાન, 'નશાને ના, સ્વસ્થ જીવનને હા'નો ગુંજ્યો સંદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

આંતરરાષ્ટ્રીય નશા મુક્તિ દિવસ નિમિત્તે બી.એ.પી.એસ. સંસ્થાના ઉપક્રમે ગુરુવારે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અટલાદરા સ્થિત બી.એ.પી.એસ. છાત્રાલયના યુવાનોએ મોટી સંખ્યામાં જોડાઈ *'નશાને ના, સ્વસ્થ જીવનને હા'*નો શક્તિશાળી સંદેશ આપ્યો હતો. અટલાદરા મંદિરના કોઠારી પૂજ્ય ભાગ્યસેતુ સ્વામી, છાત્રાલયના સંચાલક સંત પૂજ્ય પરમપ્રેમ સ્વામી તથા અન્ય સંતોની ઉપસ્થિતિમાં કાર્યક્રમનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન બી.એ.પી.એસ. છાત્રાલયના વિદ્યાર્થીઓએ દેશ-વિદેશમાંથી અભ્યાસ માટે આવેલા વિદ્યાર્થીઓને નશાના કારણે થતા આર્થિક, શારીરિક અને સામાજિક નુકસાન અંગે વિસ્તૃત માહિતી



આપી હતી તેમજ વ્યસનમુક્ત જીવન જીવવા પ્રેરણા આપી હતી. આ અભિયાનને વિદ્યાર્થીઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ 'નશા મુક્ત ભારત' માટે શપથ ગ્રહણ કરી રાષ્ટ્રના નકશા પર પોતાના હસ્તાક્ષર કરીને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ ઉપરાંત શપથ લેનાર વિદ્યાર્થીઓએ પોતાના કાંડા પર *'Say No To Drugs'*નો સિક્કો પહેરી નશામુક્ત ભારતના સંકલ્પને વધુ મજબૂત બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન યુવાધનને સ્વસ્થ, સંસ્કારી અને વ્યસનમુક્ત જીવન તરફ પ્રેરિત કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## MV ARTEMIS પેટ્રોલિયમ સંશોધનને ટેકો આપશે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે તેના એન્કર હેન્ડલિંગ ટગ સપ્લાય (AHTS) વેસલ MV ARTEMIS માટે હાર્ડી એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન (ઇન્ડિયા) ઇન્ક. સાથે આશરે *126.12 કરોડ (જીએસટી સહિત)*નો લોન્ગ-ટર્મ ટાઇમ ચાર્ટર કરાર મેળવ્યો છે. આ કરાર હાર્ડીના સંયુક્ત સાહસ ભાગીદારો ONGC અને ઇન્વેનાયર પેટ્રોડાઇન લિમિટેડ વતી કરવામાં આવ્યો છે. કરાર મુજબ MV ARTEMISને ભારતના પૂર્વ કિનારે પેટ્રોલિયમ સંશોધન અને ઉત્પાદન પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે પાંચ વર્ષ માટે તૈનાત કરવામાં આવશે. કરારમાં ચાર્ટરરને વધુ પાંચ વર્ષ સુધી સમયગાળો લંબાવવાનો વિકલ્પ પણ આપવામાં આવ્યો છે. કંપનીના જણાવ્યા મુજબ આ બહુવર્ષીય કરારથી આવકની સ્થિરતા વધશે, જહાજનો સતત ઉપયોગ સુનિશ્ચિત થશે અને ઓફશોર સપોર્ટ સર્વિસીસ ક્ષેત્રમાં કંપનીની સ્થિતિ વધુ મજબૂત બનશે.

**શ્રી છાણી નાગરિક સહકારી બેંકની અનોખી સેવાકીય પહેલ**

# 35 હજારથી વધુ નોટબુકનું વિનામૂલ્યે વિતરણ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.26

શ્રી છાણી નાગરિક સહકારી બેંક દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવાના હેતુથી છાણી સ્થિત શ્રી ઝંઝાબાઈ હાઈસ્કૂલ ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડા અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે 35 હજારથી વધુ ચોપડા અને નોટબુકો વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. કાર્યક્રમ વડોદરા મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન વર્ષાબેન વ્યાસના વરદહસ્તે યોજાયો હતો. શ્રી છાણી નાગરિક સહકારી બેંક છેલ્લા 10 વર્ષથી સતત આ સેવાકીય પ્રવૃત્તિનું આયોજન કરીને વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પૂરી પાડી રહી છે. આ પ્રસંગે બેંકના ચેરમેન સતીશભાઈ પટેલ, શાળાના મંત્રી, ટ્રસ્ટીશ્રીઓ, બેંકના ડિરેક્ટરશ્રીઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ બેંકની આ સેવાભાવી પહેલને બિરદાવી વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરીને ઉજ્જવળ ભવિષ્ય ઘડવા માટે પ્રેરણા આપી હતી.


---

**પ્રથમ દિવસે સીડેડ ખેલાડીઓનું પ્રભુત્વ**

# UTT પ્રાયોજિત બીજી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

અલ્ટિમેટ ટેબલ ટેનિસ (UTT)ના ટાઇટલ સ્પોન્સરશિપ હેઠળ ટેબલ ટેનિસ એસોસિએશન ઓફ બરોડા (TTAB) દ્વારા આયોજિત બીજી ઓપન બરોડા મેજર રેન્કિંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ-2026નો આજે ટીટીએબી-એમ.એસ. યુનિવર્સિટી ટેબલ ટેનિસ સેન્ટર, ફતેહગંજ ખાતે ભવ્ય પ્રારંભ થયો હતો. ત્રણ દિવસીય આ ટુર્નામેન્ટ 26થી 28 જૂન દરમિયાન યોજાશે. પ્રથમ દિવસે અંડર-11 હોપ્સ બોયઝ સિંગલ્સની મેચોથી સ્પર્ધાની શરૂઆત થઈ હતી. આયોજકોના જણાવ્યા અનુસાર આજે સાંજે 7 વાગ્યાથી મેન્સ સિંગલ્સ અને મેન્સ ડબલ્સની મેચો રમાશે, જ્યારે તમામ ગર્લ્સ વિભાગોની મેચો આવતીકાલે યોજાશે. અંડર-11 હોપ્સ બોયઝ સિંગલ્સમાં



નક્ષિત પ્રજાપતિ, ઈશાન પારખી, અયાન દેસાઈ, યુવાન રાજ, દેવાંશ ઓઝા, ધ્રુવ મહેતા અને તનુષ ખિન્દ્રીએ પોતાના મુકાબલા જીતીને આગળનો પ્રવાસ જાળવી રાખ્યો હતો. અંડર-13 કેડેટ બોયઝમાં તનુષ ખિન્દ્રી, ધ્રુવ મહેતા, હૃદાંશ દેસાઈ, યુવાન રાજ, ભાવ્ય મહેતા, અબ્દુલ્લા એકબાલ, રક્ષ સંઘવી, નક્ષિત પ્રજાપતિ, નિત્યમ લાધવા, ઈશાન પારખી, ઓજસ લુહારિયા, કૌશિક કરવા, અયાન દેસાઈ અને અર્નવ શાહ સહિતના ખેલાડીઓએ જીત મેળવી હતી. અંડર-15 બોયઝ સિંગલ્સમાં કૌશિક કરવા, યશવર્ધન સરવૈયા, વ્રજાંગ હિન્દોચા, ગુણાંશ નાયર, ઓમ દવે, ઓજસ લુહારિયા, રુદ્રાક્ષ ભટ્ટ, આલાપ શાહ, અર્નવ શાહ, નિત્યમ લાધવા, યશ પટેલ, અર્નવ સિંહ, સુહાનઅલી શમ્સી, હિયાન શાહ અને પ્રચેત પારેખે પોતાના મુકાબલા જીતીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

**હજુ સુધી મહિલાની શોધખોળ જારી છે**

# બોગજની નદીમાં અચાનક પૂર આવતાં મહિલા તણાઈ

(પ્રતિનિધિ) સાગબારા તા.26

દેડિયાપાડા તાલુકાના ઉપરવાસમાં વરસેલા ભારે વરસાદને કારણે આજે બોગજ ગામની નદીમાં અચાનક પૂર આવ્યું હતું. આ દરમિયાન શુક્રવારે સવારે નદી પાર કરીને ખેતરે જઈ રહેલા એક મહિલા પૂરના પાણીમાં તણાઈ ગયા હોવાની ઘટના સામે આવી છે.

બનાવ બાદ ગામલોકોએ શોધખોળ શરૂ કરી છે, પરંતુ હજુ સુધી મહિલાનો કોઈ સુરાગ મળ્યો નથી. કોલીવાડા (બોગજ) ગામના રહેવાસી ઊર્મિલાબેન રમેશભાઈ વસાવા આજે સવારે 7 વાગ્યે ગામની નદી પાર કરીને સામે આવેલા પોતાના ખેતરે કામ માટે જઈ રહ્યા હતા. ત્યાં જ ઉપરવાસના ડુમખલ સહિત પૂર્વપટ્ટીના વિસ્તારોમાં ગઈકાલે પડેલા મુશળધાર વરસાદને કારણે નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી ગયો, જેમાં તેઓ તણાઈ ગયા. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો નદી કિનારે દોડી આવ્યા અને સ્થાનિક લોકોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી. પરંતુ પૂરના તેજ પ્રવાહને કારણે મહિલાનો હજુ કોઈ પત્તો લાગ્યો નથી. આ દુર્ઘટનાથી સમગ્ર ગામમાં ચિંતા અને ગમગીનીનો માહોલ છવાયો છે.ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોલીવાડા બોગજ ગ્રામ પંચાયતે તાલુકા વિકાસ અધિકારી (TDO) તેમજ મામલતદારને લેખિત રજૂઆત કરી છે. વહીવટી તંત્ર દ્વારા પણ બચાવ કામગીરી માટે સ્થાનિક વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું છે. ઉલ્લેખનિય છે કે ચોમાસાની ઋતુ દરમિયાન નદી કિનારાઓ તેમજ નદીને ઓળંગતી વેળા સાવધાની રાખવી જરૂરી છે નહીં તો તણાઇ જવાના બનાવો બની શકે છે.

**અંકલેશ્વરમાં કચરો ફેંકતા લોકો સામે નગરપાલિકાનું કડક વલણ**

# અંકલેશ્વરમાં 13 ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ પર સીસીટીવી, ગાર્ડ પણ તૈનાત

(પ્રતિનિધિ) સાગબારા તા.26

અંકલેશ્વર શહેરમાં જાહેર સ્થળોએ કચરો ફેંકી ગંદકી ફેલાવનાર લોકો સામે હવે નગરપાલિકાએ કડક વલણ અપનાવ્યુ છે. શહેરને વધુ સ્વચ્છ અને સુંદર બનાવવા માટે નગરપાલિકા દ્વારા ૧૩ ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ (GVP) પર સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉપરાંત જ્યાં વારંવાર લોકો દ્વારા કચરો ઠાલવવામાં આવે છે તેવા કેટલાક અતિ સંવેદનશીલ સ્થળોએ મંડપ ઊભા કરી સિક્યુરિટી ગાર્ડની પણ તૈનાતી કરવામાં આવી છે. નગરપાલિકાના જણાવ્યા મુજબ શહેરમાં ઘરઘરેથી કચરો એકત્ર કરવાની વ્યવસ્થા હોવા છતાં કેટલાક લોકો જાહેર માર્ગો, ખુલ્લા પ્લોટ અને ચોક્કસ સ્થળોએ કચરો ફેંકતા હોવાથી ગંદકીની સમસ્યા ઊભી થતી હતી. આવા લોકો પર નજર રાખવા અને ગેરરીતિ અટકાવવા માટે ટેકનોલોજીનો સહારો લેવામાં આવ્યો છે. સીસીટીવી કેમેરાની મદદથી કચરો ફેંકતા લોકોની ઓળખ કરી તેમની સામે નગરપાલિકાના નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જરૂરી જણાશે તો વારંવાર નિયમોનો ભંગ કરનારાઓ સામે વધુ કડક પગલા પણ લેવામાં આવશે. નગરપાલિકાનું માનવુ છે કે માત્ર સફાઈ કરવી પૂરતી નથી, પરંતુ ગંદકી ફેલાવતા લોકોમાં જવાબદારીની ભાવના કેળવવી પણ એટલી જ જરૂરી છે. બીજી તરફ આ મુદ્દે રાજકીય માહોલ પણ ગરમાયો છે. વિપક્ષે નગરપાલિકાના આ નિર્ણય પર સવાલો ઉઠાવતા જણાવ્યુ છે કે શહેરમાં સીસીટીવી કેમેરા લગાવવા અને મંડપ બાંધી ખાનગી સિક્યુરિટી ગાર્ડ મુકવા પાછળ જાહેર નાણાંનો બિનજરૂરી ખર્ચ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષનું કહેવુ છે કે આ ખર્ચના બદલે કચરાના યોગ્ય નિકાલ, સફાઈ વ્યવસ્થાના મજબૂતીકરણ અને જનજાગૃતિ પાછળ વધુ ધ્યાન આપવુ જોઈએ. જ્યારે શાસક પક્ષનું કહેવુ છે કે સ્વચ્છતા જાળવવી એ દરેક નાગરિકની જવાબદારી છે અને જાહેર મિલકત તથા શહેરની સ્વચ્છતા જાળવવા માટે આવા કડક પગલાં અનિવાર્ય બન્યા છે. નિયમોનું પાલન કરનારા નાગરિકોને કોઈ મુશ્કેલી નહીં પડે, પરંતુ જાહેરમાં કચરો ફેંકીને શહેરને ગંદુ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર મુદ્દે શહેરમાં સ્વચ્છતા અંગે શાસક અને વિપક્ષ વચ્ચે રાજકીય આક્ષેપ-પ્રત્યાઆક્ષેપ શરૂ થયા છે.

---

**તસ્કરો દાગીના-રોકડની ચોરી ગયા**

# છાણીમાં બંધ મકાનમાં રૂ.1.62 લાખનો હાથફેરો, તસ્કરો ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના છાણી ગામ વિસ્તારમાં આવેલા વાણિયાવાડ જૈન ઉપાશ્રય પાછળ આવેલા મકાનમાં અજાણ્યા તસ્કરોએ રાત્રિના સમયે ધાડ પાડી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.1.62 લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં છાણી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત અનુસાર વડોદરા શહેરમાં આવેલા છાણી ગામમાં વાણીયાવાડ જૈન ઉપાશ્રય પાછળ રહેતા અંકિતાબેન કલ્પેશભાઈ શાહ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ તેઓ પરિવાર સાથે બહાર ગામ ગયા હતા તે દરમિયાન તા. 23 જૂનની રાત્રે 11 વાગ્યાથી તા. 24 જૂનની સવારે 6 વાગ્યાની વચ્ચે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ તેમના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તસ્કરોએ ઘરના મુખ્ય હોલમાં મૂકેલી બે તિજોરીના લોક તોડી અંદરનો સામાન વેરવિખેર કરી નાંખ્યો હતો અને 61 ગ્રામ સોનાના દાગીના, જેની અંદાજિત કિંમત રૂપિયા 1 32 લાખ, 246 ગ્રામ ચાંદીના દાગીના, કિંમત રૂ.25 હજાર તેમજ રૂ.5,500ની રોકડ મળી રૂ.1,62,500ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પોતાના મકાનમાં થયેલી ચોરી અન્વયે મકાન માલિક અંકિતાબેન કલ્પેશભાઈ શાહની ફરિયાદના આધારે આ બનાવ અંગે છાણી પોલીસ દ્વારા ભારતીય ન્યાય સંહિતા (BNS)-2023ની કલમ 305 અને 331(4) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ટેકનિકલ તથા હ્યુમન સોસીસના આધારે પોલીસ દ્વારા તસ્કરોનું વગેરે મેળવવા પણ તજવીજ હાથ ધરી છે.

**બ્રહ્માકુમારીઝ માંજલપુરનો નશામુક્તિ સંદેશ**

# યુવાધનને વ્યસનથી દૂર રાખવા આધ્યાત્મિક જાગૃતિ અને સામૂહિક ભાગીદારી પર ભાર

(પ્રતિનિધિ) વડોદરા તા.26

આંતરરાષ્ટ્રીય નશા તથા ગેરકાયદેસર માદક પદાર્થોની હેરાફેરી વિરોધી દિવસ નિમિત્તે માંજલપુર સ્થિત બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર દ્વારા શુક્રવારે વહેલી સવારે જનજાગૃતિ કાર્યક્રમ અને 'નશામુક્ત ભારત અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ સમાજમાં, ખાસ કરીને યુવાધનમાં, વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવી નશામુક્ત સમાજના નિર્માણ માટે લોકોને પ્રેરિત કરવાનો હતો. કાર્યક્રમમાં વોર્ડ નં. 18ના કોર્પોરેટરો કેતનભાઈ પટેલ, ચેતનભાઈ પરમાર, માધવીબેન ગાયકવાડ તેમજ ભાજપના વરિષ્ઠ કાર્યકર અને એડવોકેટ દીપકભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્રના ઈન્ચાર્જ બ્રહ્માકુમારી



ધીરજબેને મહાનુભાવોનું પુષ્પગુચ્છ, ખેસ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું હતું. આ પ્રસંગે માંજલપુર વિસ્તારમાં 'નશાને ના કહો', 'નશામુક્ત યુવા - સશક્ત ભારત' અને 'સ્વસ્થ ભારત - સમૃદ્ધ ભારત' જેવા સંદેશો સાથે જનજાગૃતિ રેલી યોજાઈ હતી. રેલી દરમિયાન નાગરિકોને નશાના દૂષણો વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ વ્યસનમુક્ત જીવન જીવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ 2026 માટે જાહેર કરાયેલી થીમ "વિશ્વની માદક પદાર્થોની સમસ્યા સતત પડકારો, નવા જોખમો અને નવતર ઉકેલો" અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ 'નશાને ના, જીવનને હા'નો સંકલ્પ લઈ વ્યસનમુક્ત સમાજના નિર્માણમાં સક્રિય યોગદાન આપવાની પ્રતિજ્ઞા લીધી હતી.

## મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા 31 જુલાઈ સુધી લંબાવાયા

અમદાવાદ : મુસાફરોની વધતી માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનના ફેરા લંબાવવાનો નિર્ણય લીધો છે. ટ્રેન નં. 09082 મણિનગર-મુંબઈ સેન્ટ્રલ સ્પેશિયલ, જે અગાઉ 26 જૂન, 2026 સુધી દોડાવવાની જાહેરાત કરવામાં આવી હતી, હવે 31 જુલાઈ, 2026 સુધી લંબાવવામાં આવ્યા છે.

જ્યારે ટ્રેન નં. 09081 મુંબઈ સેન્ટ્રલ-મણિનગર સ્પેશિયલ, જે અગાઉ 25 જૂન, 2026 સુધી જાહેર કરવામાં આવી હતી, તે હવે 30 જુલાઈ, 2026 સુધી દોડશે. આ બંને ટ્રેનોના વિસ્તૃત ફેરા માટેનું આરક્ષણ 27 જૂન, 2026થી તમામ પીઆરએસ (PRS) બુકિંગ કાઉન્ટરો તેમજ IRCTCની વેબસાઈટ પર શરૂ કરવામાં આવશે.

**ઠગાઈના ગુનામાં વડોદરા તાલુકા પોલીસે એક આરોપીની ધરપકડ કરી**

# ભાયલીની જમીનના દસ્તાવેજમાં ખોટી સહી કરી પચાવવાનું ષડયંત્ર

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ભાયલી ગામની જમીનના ખોટી એન્ડોર્સમેન્ટ રસીદ બનાવી તેમાં અશ્વિન પટેલની બનાવટી સહી કરી તેનો સાચા દસ્તાવેજ તરીકે જમીન વેચાણ મિટે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે. આ રીતે કિંમતી જમીન પચાવી પાડવાના ઈરાદે ગુનાહિત ષડયંત્ર રચી છેતરપિંડી કરવામાં આવી હતી. જેની ફરિયાદ નોંધાતા પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે.

દિવાળીપુરા વિસ્તારમાં આવેલા આશીર્વાદ ડુપ્લેક્સમાં રહેતા રૂષીતભાઈ ભુપેન્દ્રભાઈ પરીખે નોંધાવેલી ફરિયાદ મુજબ, ચેતનાબેન અશ્વિનભાઈ પટેલની ભાયલી ગામે આવેલી સર્વે નં. 1349ની આશરે 1100 ચોરસ મીટર જમીનનો વર્ષ 2020માં વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો.

દસ્તાવેજમાં યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના રૂ. 25.51 લાખના ચેક દ્વારા ચુકવણી કર્યાનું દર્શાવવામાં આવ્યું હતું, પરંતુ વાસ્તવમાં કોઈ ચૂકવણી કરવામાં આવી નહોતી. આ ઉપરાંત તા. 9 એપ્રિલ, 2020ની ખોટી એન્ડોર્સમેન્ટ રસીદ બનાવી તેમાં અશ્વિનભાઈ ત્રિભુવનભાઈ પટેલની બનાવટી સહી કરી તેનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું પણ જણાવાયું છે.

આ રીતે કિંમતી જમીન પચાવી પાડવાના ઈરાદે ગુનાહિત ષડયંત્ર રચી હ છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે અગાઉ કરવામાં આવેલી અરજીની તપાસ દરમિયાન ગુનાહિત તથ્યો સામે આવતા વડોદરા તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.